
૧૨

# સ્વચ્છતા



સચિન મામાને ગામ નવસારી ગયો હતો. બસની મુસાફરી પછી મામાના ઘરે પહોંચ્યો.

મામી પાણીનો ગ્લાસ ભરી લાવ્યાં. સચિન કહે : ‘‘મામી, મારે પહેલાં હાથપગ ધોવા છે. પછી પાણી પીશ.’’

મામી કહે : ‘‘અરે, સચિનભાઈ, દૂરથી આવ્યા છો તો પહેલાં પાણી પીઓ, પછી બીજી વાત.’’

સચિન કહે : ‘‘ના ના મામી. હાથ પગ તો પહેલાં ધોવા પડશે. કેમ કે, બસમાં રસ્તે ઘણી ધૂળ ઊડતી હતી.’’

મામી કહે : ‘‘અરે, સચિનભાઈ, તમે તો બહુ ચોખલિયા. આ અમારા મહેશ તો સવારે બ્રશ કર્યા વગર જ ચા પીએ છે.’’

સચિન કહે : ‘‘અરે, મહેશ એવું કરે છે ?’’

‘‘મામી એને સમજાવો કે સ્વચ્છતા રાખવી ખૂબ જરૂરી છે. જમતાં પહેલાં હાથ ધોવા જોઈએ અને જમ્યા પછી મોઢું કોગળા કરીને સાફ કરવું જ જોઈએ.’’


મામી કહે : ‘‘સચિનભાઈ, મહેશને તો નાહવાની પણ બહુ આળસ. ક્યારેક બે ત્રણ દહાડા પછી નહાય. રોજરોજ નાહવાનો પણ એને ભારે કંટાળો. સચિને કહ્યું. ‘‘મામી, આવું તો કેમ ચાલે ?’’

ક્યાં ગયો મહેશ ? મારે એને સમજાવવું પડશે. સ્વચ્છતા તો રાખવી જ જોઈએ. જો આપણા શરીરની યોગ્ય સફાઈ ન રાખીએ તો માંદા પડાય !''

મહેશે કહ્યું, ''સચિનભાઈ, તમને આ બધી સમજ છે તે બહુ સારું કહેવાય.''

અરે મામી, અમારી શાળામાં ડૉક્ટર સાહેબ આવેલા. એમણે અમારી સૌની ચકાસણી કરી અને પ્રાર્થના સભામાં શરીરની સ્વચ્છતા માટે કેટલીક અગત્યની વાતો કરેલી.''

મામી કહે : ''તો તો સચિનભાઈ, તમે એ બધી જ વાતો મહેશને પણ સમજાવોને.''



| | | |
|---|---|---|
| આવ્યા | પુસ્તક | પપ્પા |
| જગ્યા | ચોખ્ખું | અન્ય |
| રસ્તો | મચ્છર | અગત્ય |
| કાવ્ય | અરણ્ય | અદ્ધર |

અપ્પુ લસ્સી પીવે છે.

મુન્નીને શેરડી ભાવે છે.

રસ્સી એટલે દોરડું.

મારી પાસે છપ્પન રૂપિયા છે.

મમ્મી પાપડ બનાવે છે.

| | | |
|---|---|---|
| નવસારી | ગ્લાસ | કોગળા |
| મુસાફરી | બ્રશ | ડોક્ટર |
| હાથપગ | સ્વચ્છતા | પ્રાર્થના |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૩

૧૩

# ચમન ચડ્ડી





ચમન ચડ્ડી રમતમાં ખૂબ હોશિયાર. કબડ્ડીની રમતમાં એ પાવરધો. રમતી વખતે એ ખાસ ચડ્ડી પહેરતો. રંગીન પટ્ટીવાળી ચડ્ડી. એટલે જ એના નામ સાથે ચડ્ડી જોડાઈ ગયું.

કબડ્ડીની રમત રમતાં પહેલાં એનું મેદાન દોરાય. એ જવાબદારી પણ ચમન ચડ્ડીની. કબડ્ડીના પાટાઓ વચ્ચેનું યોગ્ય અંતર એ ફુટપટ્ટી વડે માપીને નક્કી કરતો.

એક દિવસ મેદાનમાં સૌ છોકરાઓ બે ટુકડી પાડી કબડ્ડી રમતા હતા. ત્યાંથી પાઉંભાજીવાળો રામુ શેટ્ટી પસાર થતો હતો. છોકરાઓને રમતા જોઈ તે રમત જોવા ઊભો રહ્યો.

'કબડ્ડી કબડ્ડી' બોલતો ચમન ચડ્ડી સામે દોડયો. સામેની ટીમવાળા છોકરાઓએ ચમન ચડ્ડીને ઘેરી પકડી દબાવી દીધો. તે જોઈ રામુ શેટ્ટી બોલી ઊઠ્યો : ''છોડી દો - એની હાડકા તૂટી જશે''.

એટલામાં છોકરાઓ વચ્ચે દબાયેલો ચમન ચડ્ડી જોશભેર 'કબડ્ડી-કબડ્ડી' બોલતો આવ્યો અને બે છોકરાઓએ એના પગ પકડી રાખ્યા હતા તેને ઘસડીને પાછો પોતાની ટીમમાં આવી ગયો.

સૌ બોલી ઊઠ્યા.

"વાહ ! ચમન ચડ્ડી  ઝિંદાબાદ" રામુ શેટ્ટી તો અવાચક, "અરે, આ ચમન ચડ્ડી તો ખરો ખેલાડી !"



| | | |
|---|---|---|
| ભટ્ટ | કબડ્ડી | અક્કલ |
| લજ્જા | વિદ્યા | બાહ્ય |
| ભઠ્ઠી | નફ્ફટ | મુઠ્ઠી |
| શક્કરિયું | કહ્યું | પટ્ટી |

આ નળને પક્કડ વડે ખોલવો પડશે.

દાદીને ચક્કર આવે છે.

મારો ભાઈ છઠ્ઠા ધોરણમાં ભણે છે.

ભોળા ભટ્ટ, લાડુ કરે ચટ્ટ.

સૈનિકો સજ્જ થાય છે.

| | | |
|---|---|---|
| રંગીન | મેદાન | અવાચક |
| કબડ્ડી | ફુટપટ્ટી | ખેલાડી |
| પાવરધો | ટુકડી | ઝિંદાબાદ |

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૪

૧૪

# રસ્તાનો પથ્થર



અલ્કેશ મસ્તીથી ગીત ગણગણતો રસ્તાની આજુબાજુ જોતો જોતો ચાલતો હતો. ત્યાં રસ્તામાં પડેલા પથ્થર સાથે એનો પગ અથડાયો. પગમાંથી લોહી નીકળવા લાગ્યું.

થોડીવાર પછી સંસ્કૃતના શ્લોક બોલતાં બોલતાં પંડિતજી પણ રસ્તા પર ચાલતા આવ્યા. એમનું ધ્યાન પણ રસ્તા પર પડેલા પથ્થર પર નહોતું. એટલે એમને પણ પથ્થરની ઠોકર લાગી. એમના પગમાંથી પણ લોહી નીકળ્યું. પંડિતજી બોલી ઊઠ્યા. ''અરે ! આ તો લોહી પણ નીકળ્યું છે.''

પુસ્તકોની થપ્પી લઈને કલ્પના આવે છે. એની નજર રસ્તાના પથ્થર પર પડે છે. તે પુસ્તકોની થપ્પી બાજુમાં મૂકે છે. અને રસ્તાના પડેલા પથ્થરને ખસેડવા માંડે છે પણ પથ્થર વજનદાર છે. કલ્પનાથી ખસેડાતો નથી.

નિશાળેથી પાછા ફરતાં અબ્દુલ, સ્મિત અને સ્નેહા રસ્તા પરથી પસાર થતાં હોય છે, ત્યાં પથ્થર ખસેડતી કલ્પનાને જોઈ એની મદદે પહોંચે છે. ચારે જણાં ભેગાં મળી પથ્થરને ખસેડી નાંખે છે.



| | | |
|---|---|---|
| પુષ્કળ | ઈશ્વર | કલ્પના |
| કચ્છ | સરસ્વતી | શબ્દ |
| સ્ટેશન | ભાસ્કર | અંજના |
| રાજસ્થાન | સ્નેહ | ન્યાય |

પ્યાજ એટલે ડુંગળી.

વસ્ત્ર એટલે કપડાં.

પપ્પાએ ગ્લાસ ભરીને દૂધ આપ્યું.

શેરડીનો રસ ગળ્યો લાગે છે.

પંખીઓ માટે ચોકમાં દાણા નાખ્યા છે.

| | | |
|---|---|---|
| પથ્થર | પંડિતજી | અબ્દુલ |
| સંસ્કૃત | પસ્તી | વજનદાર |
| શ્લોક | કલ્પના | સ્મિત |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૫

# નિઃસ્વાર્થ મિત્રતા



વિક્રમ વાઘ અને સાર્થક ચિત્તો બન્ને મિત્રો છે. સાર્થકને વિક્રમ સાથે રમવું-રહેવું ખૂબ ગમે. વિક્રમને પણ સાર્થક વિના જરાયે ન ગમે. સૌ વિક્રમ અને સાર્થકની દોસ્તીને ખૂબ વખાણતા. કેટલાક તો કહેતા પણ ખરા કે ''વિક્રમ-સાર્થકની જોડી, એને કોઈ શકે ના તોડી''.

સાર્થક ચિત્તો દોડવામાં ખૂબ ઝડપી - વિક્રમ વાઘ જંગલમાં સૌથી બળવાન. જંગલમાં બધાં પ્રાણીઓ સાર્થક-વિક્રમની જ વાત માને. જાણે સાર્થક અને વિક્રમ જ જંગલના રાજા. જંગલમાં સાથે જ ફરવા જાય. પાર્થ વરુ ક્યારેક ક્યારેક એમની સાથે જંગલમાં ભેગો થતો.

એકવાર પાર્થ વરુના મનમાં થયું કે આ બે મિત્રોની પાક્કી દોસ્તી તૂટે તો જંગલમાં મારું સ્થાન બને. જ્યાં સુધી વિક્રમ અને સાર્થકની દોસ્તી છે ત્યાં સુધી કોઈ મારી વાત માનશે નહીં. કોઈ મને 'સરદાર' માનશે નહીં.

પાર્થ વરુએ સાર્થક અને વિક્રમની પાકી દોસ્તી તોડવાનો પાકો નિર્ધાર કર્યો.

આમ કરવા માટે તેણે એક યુક્તિ વિચારી. તેણે સાર્થક અને વિક્રમને સિંહાસનવાળી ગુફા બતાવવાનું વિચાર્યું. આ ગુફા થોડા દિવસ પહેલાં જ પાર્થ વરુએ જોઈ હતી. ગુફામાં એક સિંહાસન હતું.

પાર્થ વરુએ સાર્થક અને વિક્રમને ઉજાણી કરવા માટે આમંત્રણ આપતાં કહ્યું, ''ચાલો, તમને સાવ નવી જગ્યાએ ફરવા લઈ જાઉં.''

ત્રણેય જણ ગુફામાં પહોંચ્યાં. ત્યાં એક સોનેરી સિંહાસન હતું.

પાર્થ વરુ કહે : ''હવે આ સિંહાસન તો એક છે. તમે બે મિત્રો છો. રાજા કોણ બનશે તે તમે નક્કી કરો.''



સાર્થક અને વિક્રમ એકબીજા સામે જુએ છે, મંત્રણા કરે છે ને બન્ને તરત જ સિંહાસન પર તરાપ મારે છે. આંખના પલકારામાં સિંહાસનના ટુકડે ટુકડા કરી નાંખે છે.

પાર્થ વરુ જોતો જ રહે છે. એને આશ્ચર્ય થાય છે.

તૂટેલા સિંહાસન પાસે ઊભેલા સાર્થક અને વિક્રમ કહે છે : ‘‘અમારે રાજા બનવું નથી. અમારે તો માત્ર મિત્ર જ બની રહેવું છે. એક સિંહાસન પર બેસી રાજા બનવા માટે લડી મરીએ એવા અમે સ્વાર્થી દોસ્તો નથી.’’

| | | |
|---|---|---|
| હર્ષા | ઋતુ | રૂપિયા |
| પ્રજા | અર્જુન | ક્રિયા |
| કૃપા | મહારાષ્ટ્ર | વિનમ્ર |
| ધર્મ | દ્રાક્ષ | પૂર્વ |
| અમૃત | નક્ષત્ર | ચંદ્ર |

| | | |
|---|---|---|
| વાઘ | બળવાન | મંત્રણા |
| ચિત્તો | સિંહાસન | આશ્ચર્ય |
| દોસ્તી | આમંત્રણ | સાર્થક |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે